ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૪૨.૮ ડીગ્રી
લઘુતમ : ૨૬.૯ ડીગ્રી
ભેજ
સવારે ૭૨ ટકા ● સાંજે ૨૨ ટકા

# શહેરમાં ટ્રાફિક સિગ્નલ શોભાના ગાંઠિયા સમાન

## ઓવરસ્પીડમાં વાહનો હંકારતા અકસ્માતો વધ્યા : નિર્દોષો ઘવાયા

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરમાં સીસીટીવીની ચાપતી નજર મુકવામાં આવી છે તેમ છતાં નાગરિકો દ્વારા ટ્રાફિક ભંગ કરવામાં આવે છે. જેથી શહેરમાં અકસ્માતોનો દોર વધવા પામ્યો છે. ગાંધીનગરમાં માર્ગો પહોળા હોવાથી વાહનચાલકો મનફાવે તેમ વાહનો હંકારી રહ્યા છે. દરેક માર્ગો પર સ્પીડ લીમીટના સૂચનો મુકવામાં આવ્યા છે તેમ છતાં સ્પીડ લીમીટ ક્રોસ કરીને નિયમોનો ભંગ થઈ રહ્યો છે. માર્ગ અકસ્માતના કારણે નિર્દોષ વ્યકિતને જીવ ગુમાવવાનો વારો આવે છે.

ગાંધીનગરમાં ટ્રાફિક વ્યવસ્થાઓ જળવાઈ રહે તે માટે દરેક માર્ગો પર ચાર રસ્તાઓ પર ટ્રાફિક સિગ્નલો લગાવ્યા છે જેમાં મોટા ભાગે ટ્રાફિક રુલનો ભંગ કરવામાં આવી રહ્યો છે. પહેલા શરૂઆતમાં ટ્રાફિક પોલીસની હયાતીમાં ટ્રાફિક થોભતો હતો જયારે હવે ટ્રાફિક પોલીસની ગેરહાજરીમાં શહેરમાં ટ્રાફિકના નિયમોનું સરેઆમ ઉલ્લંઘન કરવામાં આવી રહ્યું છે. નાગરિકો



ઉતાવળમાં ઝડપથી જે તે સ્થળે પહોંચવાની હોડમાં સિગ્નલો ઉપર ધ્યાન દોર્યા વગર વાહનો હંકારી મુકે છે. જેના કારણે ઘણી વખત અકસ્માત નોતરે છે. સિગ્નલ શરૂ થતા પહેલા વાહનો ઝીબ્રા ક્રોસિંગ લાઈન આગળથી વાહનો ચાલુ કરી આગળ વધવા માંડે છે. જાણે કોઈ મેદાનમાં રેસ માંડી હોય તેમ હરીફાઈ કરતા રોડ રોમિયો જોવા મળી રહ્યા છે. નાગરિકોને સિગ્નલો પાસે આવેલી સફેદ લાઈનો (સ્ટોપ લાઈન), ઝીબ્રા ક્રોસિંગ અંગે જાણે કોઈ માહિતી જ ન હોય તે રીતે રેડ લાઈટ દરમિયાન ઝીબ્રા ક્રોસિંગ પર વાહનો બંધ કરીને ઉભા રહી જાય છે જેમાં ચાલતા જતા નાગરિકોને મુશ્કેલી પડે છે.

માર્ગો ઉપર દર્શાવેલા સિગ્નલો અને પટ્ટાઓનું યોગ્ય જ્ઞાન ન હોવાથી કે જાતે કરીને નાગરિકો સાઈડમાં જવાના ભાગમાં પોતાના વાહનો થોભાવી દેતા હોય છે જેથી માર્ગો ઉપર ૧૨૦ સેકન્ડ દરમિયાન હોર્નનો મારો થઈ જાય છે. ઘણી વાર રીક્ષા ચાલકો અને અન્ય વાહન ચાલકો વચ્ચે બોલાચાલી પણ થઈ જતી હોય છે. રિક્ષાઓમાં મીટરના કારણે રિક્ષાચાલકોમાં અને મુસાફરોમાં અસમંજસ અને બોલાચાલી થઈ જાય છે. અહીંયા કોઈ એક સેકન્ડ માટે પણ થોભવા માટે તૈયાર હોતું નથી જયારે અમદાવાદમાં નાગરિકો વર્ષોથી ટ્રાફિક સિગ્નલોનું પાલન કરતા આવ્યા છે. પોલીસ તંત્ર દ્વારા ટ્રાફિક નિયમોના ભંગ કરતા અસામાજિક તત્વો સામે લાલ આંખ કરવી અનિવાર્ય છે. અકસ્માતોના કેસમાં ઘટાડો નોંધાય તે માટે શહેરીજનોએ ટ્રાફિક નિયમોનું ચોકકસ પાલન કરવું જ જોઈએ.




પ્રમુસ્વામી મહારાજ શતાબ્દી ઉત્સવ નિમિત્તે અમિયાપુર ગામ ખાતે જડેશ્વર મહાદેવના મદિરમાં 'આપનું ગામ આદર્શ ગામ' વિષય પર વિશેષ સભા નું આયોજન **BAPS** સંસ્થા અને ગાંધીનગર અક્ષરધામના સંતોની ઉપસ્થિતિમાં ૧૪ મી ના રોજ કરવામાં આવ્યું હતું.



ગુજરાત રત્ન ગૌરવ એવોર્ડ સર્જન-સમર્પણના સર્જક અને જાણીતા કલાકાર એવા પ્રવિણ પટેલ ઉર્ફે લાલી, જેઓએ ભારતના તથા ગુજરાતનાં તમામ પ્રસિદ્ધ રાજનેતા, સમાજસેવી તથા ધાર્મિક વડાઓના પોસ્ટર બનાવેલા છે. ગીતાના દરેક શ્લોક ઉપર યોગના રેખાંકન દોરી ચિત્રોના વિસ્તૃત ગહન ચિંતન શ્લોક સાથેનું વર્ણન કરતું પુસ્તક પ્રસિદ્ધ કરેલ છે. તેઓએ નગરના જાણીતા ધારાશાસ્ત્રી ડૉ. અશ્વિન ત્રિવેદીના કાર્યાલય પર શુભેચ્છા મુલાકાત લીધી હતી અને જાતે દોરેલ ચિત્ર ડૉ. અશ્વિનભાઈ ત્રિવેદીને ભેટ આપ્યું હતું અને તેમની પ્રવૃત્તિની જાણકારી આપી શુભેચ્છા પાઠવી હતી.

## મહેસુલ મંત્રીના અંગત સચિવના જન્મદિવસની સ્ટાફે ઉજવણી કરી



સોમવારે રાજ્યના મહેસુલ મંત્રીના અંગત સચિવ ડો.નિસર્ગ જોષીનો જન્મદિવસ હતો. તેમના જન્મદિવસ નિમિત્તે તેમના સ્ટાફના કર્મચારીઓએ સાથે મળીને ઉજવણી કરી હતી જેમાં કેક કાપીને મ્હોં મીઠું કરાવી તેમને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

## રણાસણ જમીન અંગે બોલાચાલી થતા પરિવાર પર હુમલો

ગાંધીનગર તાલુકાના રણાસણ ગામે જમીન અંગે માથાકુટ થતા પરિવાર પર હુમલો થતા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શિલ્પાબેન દશરથજી ઠાકોર, તેના પતિ અને સાસુ ગામમાં આવેલી જમીનમાં આવેલા કુટુંબના સભ્યો સાથે માપણી અને જમીન વિભાજન અંગે વાતચીત કરી રહ્યા હતા.જેમાં ફરીયાદીના કુટુંબી કાકાજીએ ફોન કરતા ગામના પ્રભાત ખુમાભાઈ રબારી,નાગજી રબારી, જયદીપ રબારી, અને વિપુલ રબારી આવી ગયા હતા.તેઓએ શિલ્પાબેન ઠાકોરના પતિ દશરથજીને તું મને જમીનનો દસ્તાવેજ કરી નથી આપતો કહી ગાળો બોલી હુમલો કર્યો હતો. જેમાં વચ્ચે પડેલા દશરથજીના માતાને પણ તેઓએ માર માર્યો હતો. ઝઘડો થતા આસપાસના નાગરીકો દોડી આવતા ચારેય શખ્સો જાનથી મારી નાંખવાની ધમકી આપી ભાગી ગયા હતા. આ દરમિયાન દશરથજીને ઈજા પહોંચતા અમદાવાદ સિવિલ ખસેડાયા હતા. જયાં તેઓને ડાબા હાથે ફ્રેકચરનું નિદાન થયું હતું. જેથી બનાવ અંગે શિલ્પાબેન ઠાકોર દ્વારા ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## શ્રી ઉમિયા માતાજી મંદિરનો પાટોત્સવ ભવ્ય રીતે યોજાયો

ગાંધીનગર, તા.૧૬

જગત જનની માં ઉમિયા માતાજી મંદિર, ગાંધીનગરનો ૧૯મો પાટોત્સવ ૧૫મીના રોજ યોજાયો હતો. જેમાં યજ્ઞના યજમાન તરીકે અરવિંદભાઈ, અશોકભાઈ વકીલ અને કિરીટભાઈ એ યજ્ઞમાં લાભ લીધો હતો. આચાર્ય પદે કિરણભાઈ શાસ્ત્રી અને બ્રાહ્મણો દ્વારા યજ્ઞનો મંત્રોચ્ચાર થકી સંપૂર્ણ વિધિથી સંપન્ન કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે માં ઉમિયાજીની ધજા સંસ્થાના પ્રમુખ મનુભાઈ અને રાધાકૃષ્ણ, શિવ-પાર્વતી, ગણપતિ દાદા તથા હનુમાન દાદાના ધજા, વાઘા-શણગાર અને ફુલહારનો યજમાનશ્રીઓએ લાભ લીધો હતો.

આ પ્રસંગે ઉમિયા માતાજી



સંસ્થાન, ઊંઝાના પ્રમુખ બાબુભાઈ જે. પટેલ ગાંધીનગર, મહાનગરપાલિકાના મેયર, ડેપ્યુટી મેટર, સ્ટેન્ડીંગ કમિટિ ચેરમેન તેમજ પૂર્વ મેયર, પૂર્વ ડેપ્યુટી મેયર, પૂર્વ સ્ટેન્ડિંગ કમિટિ ચેરમેન તથા જુદા જુદા વોર્ડના કોર્પોરેટરો, ગાંધીનગરના સરકારી અધિકારીઓ તથા સંસ્થાના ટ્રસ્ટીગણ, દાતાઓ અને વિશાળ સંખ્યામાં અંદાજે ૫૦૦૦ જેટલા ઉમા ભકતોએ હાજરી આપી હતી. આ કાર્યક્રમનો સફળ બનાવવા માટે સંસ્થાના હોદ્દેદારો, ટ્રસ્ટીઓ, કારોબારી સભ્યો, ટેમ્પલ કમિટિ, પૂર્વ હોદ્દેદારો, મહિલા કાર્યકરો તથા યુવા કાર્યકરોએ ખુબ જહેમત ઉઠાવી હતી. જે માટે ઉમિયા માતાજી સંસ્થાન, ગાંધીનગરના પ્રમુખ મનુભાઈ બી. પટેલ, મહામંત્રી દિનેશભાઈ ડી. પટેલ, હોદ્દેદારો તથા ટેમ્પલ કમિટિએ સર્વેનો આભાર માન્યો હતો.

## આર્ટ ઓફ લીવીંગનો બાળકો માટે ઉત્કર્ષ યોગ અને મેધા યોગ લેવલ-૧ કોર્ષ

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરમાં શ્રી શ્રી રવિશંકરજી પ્રેરિત ખાસ ઉંમર ૮ થી ૧૨ વર્ષના બાળકો માટે ઉત્કર્ષ યોગ કોર્ષ આયોજન સંસ્થા દ્વારા ૮મો માળ, મેઘમલ્હાર કોમ્પ્લેક્ષ, સે-૧૧ ખાતે તારીખ ૨૪મીમેથી ૨૭મી મે ૨૦૨૨ દરમિયાન સવારે ૭.૦૦ થી ૯.૩૦ અને યુવાઓ-ઉંમર ૧૩ થી ૧૮ વર્ષ માટે મેધા યોગ લેવલ-૧ કોર્ષનું આયોજન એજ સ્થળે ૩૧મી મે થી ૩જી જુન ૨૦૨૨ સમય સવારે ૭.૦૦ થી ૯.૩૦ દરમિયાન કરવામાં આવેલ છે. આ શિબિરમાં ચિલ્ડ્રન ક્રિયા, સુદર્શન ક્રિયા, પ્રાણાયામ, યોગાસન, સરળ ધ્યાન, સારી ખરાબ આદતોની ચર્ચાઓ, શ્વાસોશ્વાસની ક્રિયાઓ, જવાબદારીને સમજવાની જાગૃતિ, રમતગમત જેવા પાસાઓ દ્વારા ભણતર અને જીવનનો સુમેળ સાધવાનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ શિબિર થકી આત્મવિશ્વાસ, યાદશકિત, ગ્રહણશકિત, માનસિક શાંતિ, એકાગ્રતા, તંદુરસ્તી, આંતરિક વિકાસ અને વકતૃત્વ શકિત ખીલે છે.

આ શિબિરનો મુખ્ય હેતુ આજના બાળકો ગુસ્સો, ડર, ઈર્ષા, શરમ, નિરાશા, અણગમો, જીદ્દીપણા જેવી નકારાત્મક લાગણીઓથી મુકત થઈ વિશ્વ સ્તરે આગળ જઈ તણાવ રહીત રહે તે છે. આ કોર્ષમાં રજીસ્ટ્રેશન માટે સ્થળ પર અથવા ૯૪૨૬૩૦૦૩૦૩, ૯૮૨૫૯૦૪૪૬૧ પર સંપર્ક સાધવા સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયું છે.

## મધર્સ ટચ સ્કૂલ - એરફોર્સ ખાતે સમરકેમ્પનું આયોજન



ગાંધીનગર, તા.૧૬

મધર્સ ટચ સ્કૂલ - એરફોર્સ, ગાંધીનગર ખાતે સમરકેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૦ થી પણ વધુ બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કેમ્પ દરમિયાન ટેક્વોન્ડો, વેપન્સ ટ્રેનિંગ, સ્કેટિંગ, ડ્રિલ જેવી વિવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી અને સ્કૂલનાં શિક્ષકો નિમિષા સાધુ, કાજલ રત્નોતર, સોનલ પંડ્યા અને રૂતુ ભટ્ટે દ્વારા બાળકોને તાલીમ આપવામાં આવી હતી સાથે સાથે જરૂરી માર્ગદર્શન પણ પૂરું પાડ્યું હતું અને કોચ મિલાપ ટાટારિઆએ કેમ્પમાં વિશેષ સહભાગી થઈ સમર કેમ્પને સફળ બનાવવામાં આવ્યો હતો તથા સ્કૂલનાં પ્રિન્સિપલ બી. અપૂર્વા, શિક્ષક, કોચ અને બાળકોનાં માતા-પિતાનો આભાર વ્યક્ત કર્યો હતો સાથે બાળકોમાં પણ ઉત્સાહ જોવા મળ્યો હતો.

## ગાંધીનગર ખાતે મધ્યઝોનની ૯ જિલ્લાના ભાઈઓની ફૂટબોલ સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા.૧૬

રાજય સરકારના રમત ગમત, યુંવા અને સાંસ્કૃતીક પ્રવૃતિઓ વિભાગ દ્વારા 'આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત' અને જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, ગાંધીનગરના ઉપક્રમે તા.૧૫/૫/૨૦૨૨ના રોજ સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ, સેકટર-૮,ગાંધીનગર ખાતે મધ્ય ઝોન ફૂટબૉલ ભાઈઓ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ૯ જિલ્લાના ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધાને ગાંધીનગર પ્રાંત અધિકારી બી.બી.મોડિયાના હસ્તે ખુલ્લી મુકવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લા રમત ગમત અધિકારી મહેશ ચૌધરી, વ્યાયામ મંડળના પ્રમુખ આર.કે.ચૌધરી, પી.વાય.ડી.ઓ. સર્વે લાભુભાઈ દેસાઈ, જે.એમ.પટેલ, જયાબેન ખાટ, જતીન ભાવસાર, નોડલ ઓફિસર તેમજ વ્યાયામ શિક્ષકશ્રીઓ, એસોસિયેશનના હોદેદારો તેમજ વાલીઓ અને ખેલાડીઓ ઉપસ્થિતિ રહ્યા હતા.

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના ઑનલાઈન સમરકેમ્પ 'કલામૃતમ્'માં દોઢ લાખથી વધુ બાળકો જોડાયાં

### વેકેશનમાં સંગીત, ચિત્ર, વેસ્ટમાંથી બેસ્ટ, પપેટ અને જાદુના પાઠ શીખી બાળકો ખુશખુશાલ






ગાંધીનગર, તા.૧૬

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના વિદ્યાનિકેતન વિભાગ દ્વારા આયોજિત ઑનલાઈન સમરકેમ્પ 'કલામૃતમ્' સંપન્ન થયો છે. વેકેશનમાં યોજાયેલા પાંચ દિવસીય સમરકેમ્પમાં સમગ્ર રાજ્યમાંથી તેમજ અન્ય રાજ્યોના મળીને આશરે દોઢ લાખથી વધુ બાળકો ઑનલાઈન જોડાયાં હતા. પાંચેય દિવસ રોજ અલગ-અલગ પ્રવૃત્તિઓમાં જોડાઈને બાળકો ખુશખુશાલ થઈ ગયાં હતાં. ખાસ કરીને વેસ્ટમાંથી બેસ્ટ, પપેટ અને જાદુના પાઠે બાળકોને વિશેષ આનંદ પમાડ્યો હતો.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ હર્ષદભાઈ શાહની પ્રેરણાથી, કુલસચિવ ડૉ. અશોક પ્રજાપતિના માર્ગદર્શનમાં વિદ્યાનિકેતન વિભાગ દ્વારા ૧૧થી ૧૫ મે દરમિયાન પાંચ દિવસીય ઑનલાઈન સમરકેમ્પ 'કલામૃતમ્'નું આયોજન કરાયું હતું. જેમાં પ્રથમ દિવસે ગીત-સંગીત અને નૃત્યની રમઝટ જામી હતી. યુનિવર્સિટીના સંગીતશિક્ષક હાર્દિક ભટ્ટ, ડૉ. ચિરાગ સોલંકી, જયદેવ ધાંધિયા તેમજ કશ્યપ ટેવાણીએ સરસ મજાના વિવિધ બાળગીતો અને સંગીતની રચનાઓ રજૂ કરી. જ્યારે એમ. એસ. યુનિવર્સિટીના ડૉ. ધ્વનિ શાહ અને ચાર્મી જોશીએ સરસ નૃત્ય રજૂ કરીને બાળકોને ડોલાવ્યાં. બીજા દિવસે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના ચિત્ર શિક્ષક જયદેવ ધાંધિયાએ બાળકોને ઑનલાઈન ચિત્રકલા શીખવી. જેમાં દસ હજારથી વધુ બાળકોએ ઑનલાઈન જોડાઈને વિવિધ ચિત્રો બનાવ્યાં. ત્રીજા દિવસે 'વેસ્ટમાંથી બેસ્ટ' શીખવવામાં આવ્યું. જેમાં રાઘવ કટકિયા ઉર્ફે રઘુ રમકડાએ બાળકોને નક્કામી વસ્તુઓમાંથી પણ સરસ મજાની કલાકૃતિઓ બનાવતાં શીખવી. કેમ્પના ચોથા દિવસે પપેટ શો થયો. જેમાં ડૉ. પ્રણવ વ્યાસે બાળકોને પપેટ કેવી રીતે બનાવવી તે શીખવ્યું. સાથે પપેટના માધ્યમથી વાર્તા રજૂ કરીને બાળકોને આનંદ કરાવ્યો હતો. સામાન્ય વસ્તુઓથી પણ પપેટ સરળ રીતે બનાવી શકાય, તે જોઈને બાળકો ખુશખુશાલ થઈ ગયાં. પાંચમા દિવસે બાળકોનો પ્રિય એવો જાદુનો શો યોજાયો હતો. જેમાં શિક્ષક જયદેવસિંહ ઝાલાએ બાળકોને જાદુના ખેલ તો બતાવ્યા જ, સાથે-સાથે આ જાદુના ખેલ હકીકતે કઈ રીતે થાય છે અને તેની પાછળનું વિજ્ઞાન કે કલા શું છે, તે પણ શીખવ્યું. કુલ મળીને પાંચેય દિવસ ઑનલાઈન થયેલી વિવિધ પ્રવૃત્તિઓમાં દોઢ લાખથી વધુ બાળકો જોડાયાં. અનેક બાળકોએ લાઈવ ચેટ તેમજ ટેલિફોનના માધ્યમથી સવાલો પૂછ્યા અને જિજ્ઞાસા વ્યક્ત કરી, જેના ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ હર્ષદભાઈ શાહ અને વિદ્યાનિકેતન વિભાગના અધ્યક્ષ ડૉ. કુણાલ શાહે રસપ્રદ જવાબો આપ્યા હતા. કેટલાક બાળકોએ તો વ્હાલથી કુલપતિશ્રી (દાદા) સમક્ષ મીઠી બાળ-ફરિયાદો પણ કરી.

આ અંગે વિદ્યાનિકેતન વિભાગના અધ્યક્ષ ડૉ. કુણાલ પંચાલે જણાવ્યું કે, આ પ્રકારના સમરકેમ્પથી બાળકોની સર્જનશક્તિ ખીલે છે. સંગીતથી બાળકોનો સ્વર અને ગાયન ક્ષમતા વિકસે તો ચિત્રથી તેમની કલ્પનાશક્તિ મૌલિકતા ખીલે છે. પપેટથી બાળકોની સ્ટોરી ટેલિંગ ક્ષમતા વિકસે છે. જ્યારે વેસ્ટમાંથી બેસ્ટ એવું શીખવે છે કે કોઈપણ વસ્તુ નક્કામી નથી. કચરામાં ફેંકી દેવાતી વસ્તુમાંથી પણ શ્રેષ્ઠ કલાકૃતિ નિર્માણ થઈ શકે. જાદુના શોમાંથી બાળકો ગમ્મત સાથે વિજ્ઞાનના પાઠ શીખે છે. આ સમરકેમ્પમાં જોડાયેલા લાખો બાળકો અને તેઓના પરિવારનો ડૉ. કુણાલ પંચાલે આભાર વ્યક્ત કર્યો હતો.

## જન્મદિને વધામણી



કેતનભાઈ ધોળુ
બિલ્ડર્સ, ટ્રસ્ટી સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ



કમલેશ શાહ
ગ્રીન સિટી કુરિયર
મો. ૯૭૮૮ ૮૩૪૬૬



મહેશભાઈ ડી પટેલ




ડો. કૌશલ એચ શાહ
મો. ૯૪૨૬૭ ૫૯૨૮૦



સાની કાદરી
મો. ૯૭૧૪૦ ૪૨૫૧૫



ખેવના મહેન્દ્રભાઈ મકવાણા



નારાયણ ચોઈથાની



પ્રકૃતિ મનોજકુમાર સોલંકી



રંજનબેન તેજપાલ ગાંધી
મો. ૯૧૦૪૧ ૫૯૫૩૧

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. પરમાર અંબાલાલ જીણાભાઈ, ઉ.વ. ૮૩, સે-૩
- સ્વ. જાદવ કાન્તાબેન રાણાજી, ઉ.વ. ૭૫, ફિરોજપુર
- સ્વ. ઠકકર હર્ષદરાય પુરષોત્તમ, ઉ.વ. ૯૮, સે-૨૨
- સ્વ. શાહ સાબીત્રી, ઉ.વ. ૮૨, સે-૩૦